શ્રી.

आबु प्रवासपोथी.

જૈન તથા વૈષ્નવ ધર્મના જાત્રાળુઓ

તથા આબુના પ્રવાસીઓને માટે.

લખનાર

મોહનલાલ બાપુલાલ રાવળ.

રાજપુતાના અને મધ્ય હિંદુસ્થાનના પ-

બ્લીક વર્ક્સ ખાતાના હેડ ક્લાર્ક.

અમદાવાદ—'આર્યોદય પ્રેસ.'

સંવત ૧૯૫૨.—સને ૧૮૯૬.

કીંમત રૂ. ૦-૨-૬

પ્રસ્તાવના.

પરમ કૃપાળુ પરમેશ્વરે દુનિયામાં અનેક તરેહના મનુષ્યોને જન્મ આપેલો છે અને ઘણું કરીને દરેક જણને પોતાના ધર્મ સંબંધી હકીકત વાંચવી ગમે છે. આબુ પહાડપર રહેતાં મને દસ વરસ થયાં તેથી અનુભવથી એમ માલમ પડે છે કે ધર્મ સંબંધી લાગણી મારા જૈન બંધુઓને વિશેષ છે. દર વરસે હજારો જાત્રાળુઓ મોટા ખરચે અત્રે આવે છે. તેમજ પૈસાદાર બાઈઓ પણ ઘણાજ ભાવથી પાળા ચડતાં આ તરેહના દરસનનો લાભ લેછે.

આ પહાડપર ઘણાં દેવસ્થાન છે પરંતુ તે સરવેનું વર્ણન દરશાવે એવી કોઈ પોથી ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થઈ હોય એમ દેખાતું નથી. કેમકે ઘણા ખરા જાત્રાળુઓ બીચારા જાણતા નથી કે પહાડપર ચડતાં શી શી હરકતો છે. તથા શી સવડો છે કેટલાક તો ઘણો ચડાવ જાણી તથા વાઘ વરૂનો ભો જાણી ઉપર આવવું માંડી વાળે છે.

આ મારી લઘુ પોથીમાં જાત્રાળુને કામનીજ હકીકતો લખવામાં આવી છે ને તેથી તેનું નામ "પ્રવાસ પોથી"

રાખ્યું છે ને જે હું ધારું છું તેમ એ પોથી સર્વે બાઇ-
ઓને ઉપયોગી થઇ પડશે તો મારો શ્રમ ફળીભૂત[illegible]
એમ હું સમજીશ. એમાં લખેલાં ઘણાં ખરાં કામ મેં
મારી નજરે જોયાં છે તેથી આ પોથીમાં મારા પ્રયાસનો
પણ સમાવેશ થાય છે.

છાપખાનામાં મોકલવાની એક મત મારા પરમ પ્રિય
મીત્ર માણેકલાલ ચુનીલાલ જેએ. [illegible] રેસીડંટ સા-
હેબના મુસાફરી કારકુન અને [illegible] તેમણે જીનારી
આપી છે તેથી તેઓનો મોટો ઉપકાર માનું છું.

જૈન ધર્મ સંબંધી જે બીના લખી છે તેમાં કાંઇ વધ-
ઘટ કરવા લાયક હોય તે તે ધર્મના પુસ્તકપરથી કાંઇ
બાઇ મને ખરી બીના મોકલી આપશે તો બીજી આ-
વૃત્તીમાં ઉપકાર સાથે પ્રસિદ્ધ કરીશ.

આ મારો પ્રથમ પ્રયત્ન છે તેથી વાંચનાર બાઇઓની
નજરે કાંઇ પણ દોષ આવે તો મેહેરબાની કરી દરગુજ-
ર કરશો.

તા. ૧લી આક્ટોબર સને ૧૮૯૧ — મુ૦ માઉન્ટ આબુ.

લી. સેવક
મોહનલાલ બાપુલાલ
રાવળ.

શ્રી

આબુપ્રવાસ પોથી.

ખરેડી.

આબુ પહાડ ગુજરાતની કિનારે અમદાવાદથી ૧૩૨ માઈલપર આવેલો છે. ત્યાં જવા સારૂ આબુરોડ (ખરેડી) ની ટીકટ લેવી પડે છે. આબુરોડ અથવા ખરેડી એ રાજપુતાના માળવા રેલવેનું ૧ લા દરજાનું સ્ટેશન છે કારણ કે ડીસટ્રીકટ ટ્રાફીક સુપ્રીનટેનડન્ટ સાહેબ વિગેરે રેલવેના ઓફીસરોનું તે હેડક્વારટર્સ છે. સ્ટેશન ઉપર સાહેબ લોકોને માટે રીફ્રેશમેન્ટરૂમ તથા વેટીંગરૂમ છે. ગામમાં ગુજરાતી વાણીઆઓની વીશીઓ છે. જૈનધર્મશાળાઓની એક મોટી ધર્મશાળા પણ છે. શીરોહીદરબાર તરફથી

પણ એક મોટી ધર્મશાળા બંધાવેલી છે ને ત્યાં મુસાફરોને ઉતરવા કરવા ઠીક છે. ગામ દિન પ્રતિદિન ઠીક આબાદ થતું જાય છે. રેલવે આવતાં પહેલાં ઝુપડાં હતાં ને હાલ મકાનો—બાગ—બગીચા—બંગલાથી શોભાયમાન થઇ રહેલું છે. આ ગામ શીરોહીના મહારાવ શ્રીકેશરીસિંગજી બહાદુર કે. સી. એસ. આઇની હકુમત હેઠળ છે. દરબાર તરફથી ગામના બંદોબસ્ત સારૂ માજીસ્ટ્રેટ તથા તેહસીલદાર વિગેરે રહે છે. દરબાર સાહેબનો એક મહેલ પણ આ ગામમાં છે ત્યાં બીજા રાજા રજવાડા તથા સાહેબ લોકો પહાડ ઉપર જતાં આવતાં ઉતરે છે. આ સ્ટેશનથી શ્રી અંબાજી તથા આબુજીની જાત્રાએ જવાય છે. શ્રી અંબાજીના જાત્રાળુઓને જાવામાં જવા સારૂ ખટારીમાં બેલડાં તથા ડોળીઓ મળે છે. રસ્તો પાકો નહીં હોવાથી બીજું કોઇ વાહન ત્યાં જઇ શકતું નથી. આ ગામથી આબુ પહાડ આથમણી દીશાએ ૧૭ માઈલ દૂર છે. સ્ટેશનથી પહાડ ઉપર જવાના રસ્તા ઉપર વાહન પુરાં પાડનાર કંટ્રાકટરનું મકાન છે. હાલમાં ખાનબહાદુર ફરામજી નસરવાનજી શેઠ કંટ્રાકટર છે તેમના તરફથી એક એજન્ટ મી. દોરાબજી કરીને અહીં રહે છે, તેઓ ઉપર જવા સારૂ જે કાંઇ વાહન યા મજુર જોઇએ તે પુરાં પાડે

છે. નીચેના કોઠામાં દર્શાવેલા વાહનો મળે છે. તેને લગતી વીગત પણ થોડી માહીતીનો આ કોઠામાં સમાવેશ કર્યો છે.

વાહનનો પ્રકાર.	કેટલાં માણસ બેસી શકે.	કેટલા વખતમાં પાંચ ગાઉ ઉપર જવાય.	કેટલા વખતમાં પહાડ પરથી આવાય.	ભાડાનો દર
રીકશા (ઠેલખુલાવા ગાડી.)	એક માણસની બેઠકવાળી.	આશરે ૬ કલાકમાં	આશરે ૪ કલાકમાં.	રૂ. ૬)
ઘોડો ૧ લા ક્લાસનો.	૧ માણસ	૪) કલાક	૩ કલાક	રૂ. ૪)
ઘોડો ૨ ક્લાસનો	ડીટો.	૫ કલાક	૪ કલાક	રૂ. ૨)
ટટુ ૩ ક્લાસનું.	ડીટો.	૮) કલાક	૬ કલાક	રૂ. ૧ા
બળદ ગાડી.	ચાર માણસ.	૧૪) કલાક	૧૦ કલાક	રૂ. ૫)
ડીટો.	સામાન સારૂ	,,	,,	,,
મજુર-કુલી.	,, ના માથા પર બોજો ઉપાડે.	૮)	૬ કલાક	રૂ. ૦ાા

ઉપર મુજબ જનાર આવનારને માટે સોઈ છે. આ કંટ્રાક્ટરને ગીરાસીદારોને દર વર્ષે અમુક રકમ ભરવી પડે છે તેથી એમના શીવાય બીજા કોઈની પાસેથી વાહન લેવાનો હુકમ નથી. ઘણું કરીને વાહનો જ્યારે જોઈએ

ત્યારે મળી આવે છે પરંતુ જો ચોવીસ કલાક પેહેલાં કં-ટ્રાકટરને કાગળથી યા તારથી અગર બીજી કોઇ રીતે ખબર આપવામાં આવે છે તો જોઇતાં વાહન વીગેરે સ્ટેશન ઉપર તૈયાર રાખવામાં આવે છે કે જેથી યાત્રાળુઓને ગાડીમાંથી ઉતરી તુરત પાહાડપર જવું હોય તો જરા પણ ઢીલ અને તકલીફ થતી નથી.

પાહાડ ઉપર જાત્રા કરવા સારૂ જે લોકો જાય છે તેમની પાસેથી શ્રીસીરોહીદરબાર તરફથી દાણ તથા ચોકીદારી લેવામાં આવે છે તે.

	મુંડકું	ચોકીદારી
જૈનધર્મવાળા પાસેથી	૧।।।=।।	૦।=
વૈષ્ણવધર્મવાળા પાસેથી	—	૦।=

આ શીવાય શ્રી દેલવાડામાં મારવાડીઓ એક પૈસો ચોકીદારીનો લેવાય છે.

ઉપરનું દાણ બાર વરસ અંદરના છોકરાનું લેવાતું નથી.

જે માણસ આગે દાણ મુકવા શીવાય જો ઉપર જાય તો તેને શ્રી દેલવાડાના દેરાસરોના તાકાદારને ત્યાં મુકવી આપવું પડે છે.*

જે લોકો પહાડ ઉપર હવા ખાવા તથા જોવા સારૂ જાય છે તેમની પાસેથી દાણ લેવામાં આવતું નથી ફક્ત ચો-

ની દાણી લેવાય છે. સીરોહી દરબાર તરફથી દાણી તથા નાકાદાર રહે છે ને પહાડપર ચઢનાં પેહેલાં પૈસા ચુકાવી લાલ ચીઠો આપે છે. ચોકીનો બંદોબસ્ત પણ ઠીક લાગે છે રસ્તામાં ચોરીના કે ધાડનો કાંઈ ભય નથી. પહાડ ઉપર જવાના ૧૭ માઈલમાં પેહેલાં ચાર માઈલ સપાટ જમીન છે, પછી ચઢાવ છે. ના. મહારાવ કેસરીસીંહજી તરફથી રૂપીઆ ત્રણ લાખના ખરચે પાકી સડક બાંધી છે. ને ખરેડીની બનાસ નદી ઉપર મજબુત પુલ બાંધ્યો છે, જેને "રજપુતાના બ્રીજ" કહે છે. તે બાંધવામાં એક લાખ રૂપીઆ ખરચ થએલા છે અને રજપુતાનાના દેશી રાજાઓ તરફથી પુલ બાંધવાના ખરચમાં મદદ મળેલી તેથી તે નામથી ઓળખાય છે. હાલની નવી સડક જે "આબુ કાર્ટરોડ" ના નામથી ઓળખાય છે તેના ૧ લા માઈલપર એટલે ખરેડીથી એક માઈલપર આ પુલ છે. આ પુલની નજીકથી આબુ પહાડ ઉપર જવાના બે રસ્તા નવા તથા જુનો જુદા પડે છે, જુનો રસ્તો ફક્ત ૧૫ માઈલ લાંબો હતો પરંતુ ચઢાવ ભારે હોવાથી નવો રસ્તો બાંધવામાં આવ્યો છે. હવે પ્રથમ જુના રસ્તા વીષે કેટલીક હકીકત જાણવા લાયક છે ખરેડીથી જતાં બાદ એક માનપુર કરીને ગામ આવે છે. તે ગામની

ત્યારે મળી આવે છે પરંતુ જો ચોવીસ કલાક પહેલાં ડૉ-
ક્ટરને કાગળથી યા તારથી અગર બીજી કોઈ રીતે ખ-
બર આપવામાં આવે છે તો જોઈતાં વાહન વીગેરે સ્ટેશન
ઉપર તૈયાર રાખવામાં આવે છે કે ઉતારૂઓને ગાડીમાંથી
ઉતરી તુરત પાહાડપર જવું હોય તો જરા પણ ઢીલ અ-
ને તકલીફ થતી નથી.

પાહાડ ઉપર જાત્રા કરવા સારૂ જે લોકો જાય છે તેમ-
ની પાસેથી સીરોહીદરબાર તરફથી હાંસલ તથા ચોકીદારી
લેવામાં આવે છે તે.

	મુંડકું	ચોકીદારી
જૈનધર્મવાળા પાસેથી	૦॥।~॥	૦।=
વૈષ્ણવધર્મવાળા પાસેથી	—	૦।=

આ શીવાય શ્રી દેલવાડામાં માથાદીઠ એક પૈસો
ચોકીદારીનો લેવાય છે.

ઉપરનું હાંસલ ત્રણ વરસ અંદરના છોકરાનું લેવાતું નથી.

જે માણસ એવે હાંસલ ચુકવ્યા શીવાય જૈન ઉપર ચઢે
તો તેને શ્રી દેલવાડાના દેરાસરોના નાકાદારને ત્યાં ચુકવી
આપવું પડે છે.

જે લોકો પહાડ ઉપર હવા ખાવા તથા જોવા સારૂ
જાય છે તેમની પાસેથી હાંસલ લેવામાં આવતું નથી ફક્ત ચો-

ડી ઘાટી બેરાય છે. શીરોહીદરબાર તરફથી દાણી તથા નાકાદાર રહે છે તે પહાડપર ચડતાં પહેલાં પૈસા ચુકાવી લઇ ટીકેટ આપે છે. ચોકીનો બંદોબસ્ત ઘણોજ સારો છે રસ્તામાં ચોરીઆ લુટફાટનો કાંઇ ભય નથી. પહાડ ઉપર જવાના ૧૭ માઇલમાં પહેલાં ચાર માઇલ સપાટ જમીન છે, પછી ચડાવ છે. નામદાર ઇંગ્રેજ સરકાર તરફથી રૂપીઆ ત્રણ લાખના ખરચે પાકી સડક બાંધેલી છે. ને ખરેડીની બનાસ નદી ઉપર મજબુત પુલ બાંધેલ છે, જેને "રજવાડા બ્રીજ" કહે છે. તે બાંધવામાં એક લાખ રૂપીઆ ખરચ થએલા છે અને રજપુતાનાના દેશી રાજાઓ તરફથી પુલ બાંધવાના ખરચમા મદદ મળેલી તેથી તે નામથી ઓળખાય છે. હાલની નવી સડક જે " આબુ કારટરોડ " ના નામથી ઓળખાય છે તેના ૧ લા માઇલપર એટલે ખરેડીથી એક માઇલપર આ પુલ છે. આ પુલની નજીકથી આબુ પહાડ ઉપર જવાના બે રસ્તા નવા તથા જુનો જુદા પડે છે, જુનો રસ્તો ફક્ત ૧૫ માઇલ લાંબો હતો પરંતુ ચડાવ જબરો હોવાથી નવો રસ્તો બાંધવામાં આવ્યો છે. હવે પ્રથમ જુના રસ્તા વીશે કેટલીક હકીકત જાણવા લાયક છે ખરેડીથી જતાં બાદ એક માનપુર કરીને ગામ આવે છે. તે ગામની

નજદીક એક ડાક બંગલો છે, ત્યાં સાહેબલોકો પણ ક-
રીને વિશ્રામ લે છે. ખરેડીથી આશરે ચાર માઇલ દુર
ગયા પછી પાહાડની તળેટી આવે છે. આ તળેટીની લગ-
ભગમાં હૃષીકેશજીનું મંદીર છે.

રૂખીકોઆ.

આ મંદિર શ્રી દ્વારીકાજીનું દ્વાર કેહેવાય છે. પેહેલાંના લોક જે દ્વારકાં જતા હતા તે શંખ ચક્ર વિગેરે નિશાન અહીં લેતા હતા. જે વખતે શ્રી કૃષ્ણ ગોકુળ મથુરાંથી શ્રી દ્વારકાં પધાર્યા તે વખતે આ જગાએ મુકામ કીધો હતો એમ કેહેવાય છે. મંદીર વીશાળ અને ધોળા મકરાણાના પથ્થરનું છે. મંદીરની પાસે પાણીના બે મોટા કુંડ પથ્થરના બાંધેલા છે. નજીકમાં વળી દેરાં તથા પડી ગયેલા મકાનોના ખંડેર પણ ઘણું જોવામાં આવે છે. એ ચંદ્રાવતિ નગરીના ખંડેર કેહેવાય છે. થોડે દુર એક ટેકરી ઉપર રાજા અમરીખનો આશ્રમ છે અને કેહેવાય છે કે આ સ્થાન ઉપર રાજાએ તપ કરેલું છે અને જે પથ્થર ઉપર બેશી તપ કરેલું છે તે ઉપર બેઠકના ખાડા પડેલા-

ના નીશાન છે. તેની ઉપર જાવા સારૂ એક મોટો હજારો મણનો પથ્થર આવી રહેલો છે તે ફક્ત થોડા આધારે લટકી રહેલો છે. વળી રૂખીટીકાથી જરા દૂર પૂર્વ તરફની પાહાડીમાં લખચોરાસીના પગલાં છે. એ પણ એક અજબરી બનાવ જણાય છે કેમકે ત્યાં ઘણુંકરી હરેક જાતના જાનવર તથા મનુષ્યના પગલાં પથ્થરની અંદર પડેલાં છે. આહા! કેવો કુદરતી બનાવ આ અહીં જે લોકો જાય છે તે લાકડીઓ ચડાવે છે. અહીંથી પાહાડ ઉપર જવાય છે પરંતુ પ્રથમ કહ્યા મુજબ ચડાવ ઘણો છે તેમ રસ્તો પણ વીકટ છે અને ચોકીઓ હવે ત્યાં ઝાડી નવે રસ્તે બેસાડવામાં આવેલ છે. ફક્ત રૂખીટીકાની જાતરા સારૂ ત્યાં સુધીજ જુનો રસ્તો વાપરમાં છે. હવે નવે રસ્તે થઇ પાહાડ ઉપર જવા પુલ આગળ સડક ફંટાય છે. આ પુલથી આગળ ચાલતાં એક બે નાના ગામ આવે છે તથા બે માઇલની લગભગમાં પારસીઓનું દખમું આવેલું છે. આ દખમું પુલના કંટ્રાક્ટર મોટાભાઇ ભીખાજીએ ઇ. સ. ૧૮૮૫ ની સાલમાં બંધાવેલું છે તે ખરેડી તથા આબુના પારસીઓ સારૂ પોતાના ખરચે કરેલું છે. એક માઇલ ત્યાંથી આગળ જતાં તેરમા માઇલના પથ્થર પાસે એક નાનું તળાવ તથા વડનું ઝાડ છે ત્યાં મુસાફરો

જગા વિશ્રામ લે છે કેમકે ત્યાંથી પાઘાડનો ચઢાવ શરૂ થાય છે. અહીંથી આગળ નવમા માઈલના પથ્થર સુધી ઝાડી તથા જંગલ શીવાય બીજું કંઈ નજરે પડતું નથી. અગીઆરમા અને બારમા માઈલના પથ્થરો વચ્ચે એક નાળું આવે છે જે વાઘનાળું એવા નામથી ઓળખાય છે. એવું કહેવાય છે કે આ વાઘનાળે આજ પણ ઉનાળામાં કોઈ વખત વાઘ પાણી પીવા આવે છે પરંતુ આજ સુધીમાં એ જગાએ કોઈ આદમી યા જાનવરને નુકશાન થયાનું સાંભળવામાં નથી. આવાઘ નાળાની પાસે રાજની ચોકી છે ત્યાં જાત્રાળુ લોકોની ટીકટો પણ કરીને જોવાય છે. નવમા માઈલ આગળ પાણીનો એક મોટો ઝરો આવેલો છે જેમાં બારે માસ પાણી વહે છે. અહીં એક મોટું વડનું ઝાડ છે તથા બીજી ઝાડી તથા રાજની ચોકી છે. એ પણ વિશ્રામની જગા છે તે છીપાએલેરીના નામથી ઓળખાય છે. તરસ્યાને પાણી પીવાનો વહેળો એમ કહેવાય છે. અહીં પણ જાત્રાળુ લોકોની ટીકટો જોવાય છે અને ચોકીવાનો જે દરેક ચોકીથી સાથે આવે છે તે પણ બદલાય છે નવમા માઈલ પછી સાતમા માઈલ આગળ રસ્તો જુદી રીતે બાંધવામાં આવેલો છે અહીં ચઢાવ ઘણો હોવાને લીધે રસ્તાના સાત આંટા

ઉંચાં છે જે સાત ટુંક કરીને કહેવાય છે. શીકરના મહારાજ સાહેબ તરફથી અહીં આગળ એક પાણીની પરબ બેસે છે તથા સાધુસંત જે આબુની જાત્રાએ જાય છે તેમને થાળી ભરીને ચણા અપાય છે. આ સાત ટુંક ચડતાં એટલે શ્રી અચળગઢનું જૈનધર્મનું દેરૂ દેખાય છે કે જેને વિષે હવે પછી બ્યાન કરવામાં આવશે. આગળ ચોથા અને પાંચમાં માઈલની વચ્ચે એક ધર્મશાળા તથા કુવો છે. આ ધર્મશાળાને ટલાટીની ધર્મશાળા કહે છે. ને આરકલેટેએ બંધાવેલી છે. ત્યાં અમદાવાદના શેઠીઆઓ તરફથી એક મેહતો રહે છે જે જાત્રાળુઓને ખાવાપીવા વીગેરેની સારી સવડ કરી આપે છે. જાત્રાએ જતા આવતા શ્રાવકોને ભાતુ ખાવા લાડુ તથા શેવ ને બીજા ધર્મના જાત્રાળુઓને ચણા આપવામાં આવે છે. આ ધર્મશાળા પાસે થોડાં ખેતરો આવી રહેલાં છે, જેમાં ચોમાસાની મોસમમાં જગલી સાક ધરૂં તથા જવ વાવે છે. ધર્મશાળામાં ઘણાખરા રાતવાસો પણ રહેછે, કારણ કે શેઠીઆઓ તરફથી ત્યાં બધી સોઈ સારી છે. ચોથા માઈલની લગભગમાં જુનો રૂખીકેશ આગળથી આવવાનો રસ્તો તથા નવો રસ્તો ભેગા થાય છે ત્યાંથી સડક બરોબર બંધ પડે છે. ચોથા

તથા ત્રીજા માઇલની વચ્ચે રસ્તો જોડેની બાજુથી ઘણોજ ઉંચો રહે છે. સડકને કીનારે ઉભા રહી નીચે જોઈએ છીએ તો ઘણુંજ ઉંડું માલમ પડે છે. તેમ બીજી બાજુએ નજર કરીએ છીએ તો ઘણા ઉંચા પાહાડ આવી રહેલા છે. આ ઠેકાણે સડક બનાવતાં ઘણીજ મુશ્કેલી પડી હતી. સુરંગથી પથ્થરો તોડતાં એક બે મજુરોને નુકશાન થયું હતું. આ જગા ભમરઆડાના નામથી ઓળખાય છે. બીજા અને પેહેલા માઇલની વચ્ચે હેટમજી કરીને ગામ છે, ને ત્યાંથી આગળ ડાબા હાથ બાજુ એક બીજી સડક જાય છે ને જમણા હાથે એક દેહેરૂં તથા પાણીનો કુવો છે. આ ઠાગા હબની સડકે જતાં અર્ધક માઇલને અંતરે એક મોટું અને વીશાળ મકાન છે તે થોડાક વરસ ઉપર બે લાખ રૂપીઆ ખરચી રાજપુતાના માળવા રેલવે તરફથી બાંધવામાં આવેલું છે જેમાં સ્કુલ છે તે રેલવે સ્કુલ કેહેવાય છે. એ સ્કુલમાં એ રેલવેના યુરોપીયન, યુરેશીયન, અને દેશીયન નોકરોનાં છોકરાં અભ્યાસ કરે છે. છોકરાં તથા છોકરીઓ મળી આશરે ૧૦૦) છોકરાં ત્યાં અભ્યાસ કરે છે. મકાન ઘણું જોવાલાયક છે. છોકરાંઓને માટે તમામ જોઇતી સોઇ કરેલી છે. તેને લગતી કસરતશાળા તથા હસ્પિતાલ પણ છે.

મણીકર્ણિકા તીર્થ અને સૂર્યકુંડ.

આ રેવતેશ્વરકુલની પછાડી પોઠે દૂર મણીકર્ણિકાનું તીર્થ તથા સૂર્યકુંડ છે. એ તીર્થ વિષે આબુમાહાત્મ્યમાં એવું કહેલું છે કે મણીકર્ણિકા નામની એક ભીલની સ્ત્રી હતી ને ઘણીજ કાળી ને કદરૂપી હતી. ને તેનો ભરથાર પણ તેવોજ કાળો તથા કદરૂપો હતો. એ બેઉ ધણી ધણીઆણી એક વખતે બપોરે ઘણુંજ તરસ્યાં આ જગાએ આવી પોહોચ્યાં ને પાણીમાં પ્રવેશ કર્યો ને જગમાંથી નાહીને જોયાં બાહાર નીકળ્યાં કે તરતજ બંને દેવરૂપ બની ગયાં. તેજ વખતે કૈલાસથી વીમાન ઉતર્યું તેમાં બેશી બંને કૈલાસ વિષે સીધાવ્યાં. વિશેષે કરીને સર્વંગ્રહણને દહાડે આ તીર્થમાં સ્નાન કરવાનું ઘણું માહાત્મ કેહેવાય છે. આ તીર્થની પાસે જમણી બાજુએ કર્ણુકેશ્વર માહાદેવ છે.

ગૌમુખ અથવા ગુરૂ વશિષ્ટજીનો આશ્રમ.

રેવતેશ્વરકુલથી પાછા ફરતાં આબુનો ૧ લો માઇલ સ્ટેશન આવે છે. અહીંથી ગૌમુખ અથવા ગુરૂવશિષ્ટ મુનીજીના આશ્રમે જવાનો રસ્તો છે. ગૌમુખ જવાના બે રસ્તા

છે. એક ૧ લા માઈલ સ્ટોનથી દક્ષિણદીશા તરફ પગ-
દંડી આવે છે ત્યાંથી છે. એ રસ્તે ચડાવ થોડો છે તે
બીજો પેહેલા માઈલથી થોડે આગળ આવતાં ડાબા હાથે
એક પાટીઉં ચોડેલું છે ત્યાંથી છે. એ પાટીઆ ઉપર ઈંગ્રે-
જીમાં "ગાયમુખ" એવું લખેલું છે. આ રસ્તો પેહેલા કરતાં
જરા ટુંકો છે પણ ચડાવ વધારે છે. એ સને ૧૮૯૦ ની
સાલમાં આબુની છાવણીના માજીસ્ટ્રેટ આવેલ કરનલ ગો-
બર્ટસ સાહેબે શોધી કાઢેલો છે. પેહેલા માઈલના પથ્થર-
થી ગોમુખ આશરે ત્રણ માઈલ થાય છે. રસ્તો ઘણો
વીકટ અને એકલા આદમીને ભયંકર લાગે એવો છે. લગ-
ભગ ત્રણ માઈલ ગયા પછી નીચે ઉતરવાના લગભગ સા-
ડાસાતસેં પગથીઆં આવે છે. તે ઉતરતાં સેહેલાં લાગે છે
પણ ચડતાં ઘણુંજ કઠણ પડે છે. પગથીઆં ઉતરી રહ્યા
કે તરત એક કુંડ આવે છે. આ કુંડમાં ગાયના મોઢામાં-
થી પાણી આવે છે. પાણીની ધાર બારે માસ એક સ-
રખીજ આવે છે. વધતી ઓછી થતી નથી કુંડની ઉપર
મહાદેવની દેરી છે. તથા પગથીઆંથી ઉતરવા માંડીએ ત્યાં-
થી તે કુંડના મુખ સુધી આંબાની ઝાડી ઘણી બીચોબીચ
આવી રહેલી છે. કેરીની મોસમમાં આસાનીથી હાથથી તોડી શ-
કાય છે. ત્યાં આગળ મોગરા તથા કેતકીનું વન છે અને ખુ-

ઝાડોથી એ જગા ધાર્મીક સુગંધમય થઇ રહે છે. આ કું-
ડની પાસે શ્રી ગુરૂ વસિષ્ઠજીનો આશ્રમ છે અને પુરાના
વખતનું પથ્થરનું મજબુત દેરૂં પણ ત્યાં છે. આ દેરામાં શ્રી
ગુરૂ વસિષ્ઠજીની મૂર્તિ તથા બે બાજુ ઉપર શ્રી રામ તથા
લક્ષ્મણજીની પ્રતિમાઓ બીરાજમાન છે. તે જોડેજ ગુરૂ-
પત્નિ શ્રી અરૂન્ધતિમાતા પણ બીરાજેલ છે. આબુ મા-
હાત્મ્યમાં આ પહાડની ઉત્પત્તિ આ ઠેકાણેથી થએલી છે.
એમ કહ્યું છે.

કહે છે કે જે જગ્યાએ હાલ આ પહાડ છે તે જગાએ
બે હજાર જોજન લાંબો, બે હજાર જોજન પહોળો, અ-
સંખ્ય જોજન ઉંડો, અઘોર અંધકાર, ઝાડ વૃક્ષ તથા લતા-
ઓથી રહીત, અને અતિ વિશાળ એવો એક ખાડો હતો.
આ ખાડાની નજીક શ્રી અરૂન્ધતિમાતાના પ્રાણ વસિષ્ઠ
મુનિ શ્રી શંકરજીનુ ધ્યાન ધરી તપ કરતા હતા. ગુરૂની
પાસે એક કામધેનુ (જે માગ્યું દૂધ દોહન કરવામાં અ-
ન આવે તે ગાય) હતી. તે આશ્રમની આસપાસ આ
મોટા ખાડાના કીનારે હમેશાં ચારો કરવા જતી હતી.
એક સમયે દૈવયોગે આ ગાય ચરતી ચરતી સંધ્યાકાળ
વખતે પેલા મોટા અઘોર અને અગાધ ખાડામાં પડી ગ-
ઈ. સંધ્યાકાળ વીતિ ગયો પણ કામધેનુ પાછી ફરી ન-

મેશની પેઠે આશ્રમ ઉપર પાછી આવી નહીં. મુનીને સં-
ધ્યા હોમ કરવાનો વખત થઇ જવાથી ઘણાજ બધબિર્ત
તથા શોકાતુર થઈ ગયા. ગાયનું વાછરડું પણ ટળવળવા
લાગ્યું અને બરાડા પાડતું હતું. એટલે ગુરૂજીએ ત્રૈલો-
કયને પવિત્ર કરનાર વરદાન આપનાર તથા દુઃખી મનુ-
ષ્યોની રક્ષા કરનાર શ્રી સરસ્વતિજીનું ધ્યાન ધર્યું. જેથી
કરીને શ્રી સરસ્વતિજી માહારાજ આ ખાડાને પાણીએ
ભરવાના હેતુથી શ્રી કૈલાસપરથી આવી પ્રગટ થયાં ને
થોડી વારમાં આ અગાધ ખાડાને જળથી ભરી નાંખ્યો.,
એટલે હોમધેનુ તરતજ તરીને ઉપર આવી. પછી ગુરૂ-
જીની સાથે તે આશ્રમમાં ગઇ. બીજે દીવસે મુનિને મો-
ટી ચીંતા થઇ તેથી હીમાલય પર્વતને પાસે જઇને વિનં-
તિ કરી કે હે માહારાજ! આ અગાધ ખાડાને પુરી નાં-
ખવા કોઇ પર્વતને પ્રેરણા કરો. ગુરૂની અરજ સ્વિકારી
હીમાલયે પોતાના નાના પુત્ર નંદિવર્ધનને અર્બુદ નામે
નાગની ઉપર બેસાડી ગુરૂજીની સાથે વિદાય કીધો. અર્બુ-
દનાગે નંદિવર્ધનને લાવી આ ખાડામાં નાંખ્યો જેથી એ
ખાડો પુર્ણ ભરાઇ ગયો ને ગુરૂજી અતિ પ્રસન્ન થઇ વ-
રદાન આપ્યું કે હે અર્બુદ આ સ્થાન હવે તારા નામથી
પ્રખ્યાત થશે, ને પાસે જે તિર્થ છે તે નાગતિર્થના ના-

શ્રી.

आबु प्रवासपोथी

જૈન તથા વૈશ્નવ ધર્મના જત્રાળુઓ

તથા આબુના પ્રવાશીઓને માટે.

લખનાર

મોહનલાલ બાપુલાલ રાવળ.

રાજપુતાના અને મધ્ય હિંદુસ્થાનના પ-

બ્લીક વર્કસ ખાતાના એકાઉંટંટ ક્લાર્ક.

અમદાવાદ—'આર્યોદય પ્રેસ.'

સંવત ૧૯૫૨.—સને ૧૮૯૫.

કીંમત રૂ. ૦-૬-૦